VOICE OF VAODARA
WEEKLY NEWSPAPER

લીગલ એડવાઈઝર એડવોકેટ & નોટરી ઈશરત શૈખ : 9974176245
લીગલ એડવાઇઝર એડવોકેટ & નોટરી સીમા યાદવ : 91 74860 57408

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિધ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

• માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • મેનેજીંગ તંત્રી :દિનેશ બારોટ • વર્ષ - ૦૭ • અંક નં.૩૬ • તારીખ: ૧૨-૦૮-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમત: ૧.૦૦

પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦ / રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ▪ MANAGING EDITOR : DINESH BAROT ▪ YEAR : 07 ▪ ISSUE : 36 ▪ DATE :12-08-2025 TUESDAY ▪ PAGE : 04 ▪ PRICE RS.1.00 ▪
M. 9274597334 ▪ WWW.VOVNEWS.IN | REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J . P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM


# ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસી રહ્યું છેઃ પીએમ મોદી



યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ડેડ ઈકોનોમી ગણાવીને હાંસી ઊડાવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વળતો જવાબ આપ્યો છે. ટ્રમ્પનો સીધો ઉલ્લેખ કર્યા વગર મોદીએ કહ્યું હતું કે, વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. રૂ.15,610 કરોડના બેંગલોર મેટ્રો ફેઝ-3 પ્રોજેક્ટના શિલાન્યાસ સમારંભમાં વડાપ્રધાને હાજરી આપી હતી.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, ભારતીય સેનાએ સરહદ પાર આવેલા આતંકવાદી ઠેકાણાં તબાહ કરવાની ક્ષમતા દર્શાવી છે. આતંકવાદીઓને છાવરી રહેલા પાકિસ્તાને ઘૂંટણીયે લાવીને ભારતે તેની શક્તિ સાબિત કરી છે. સમગ્ર વિશ્વએ ભારતનો નવો ચહેરો જોયો છે. ઓપરેશન સિંદૂરની સફળતાનું શ્રેય તેમણે સંરક્ષણ ક્ષેત્રે ભારતની ટેકનોલોજી અને મેક ઈન ઈન્ડિયા અભિયાનને આપ્યુ હતું. વડાપ્રધાનને લીલી ઝંડી બતાવી 3 વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને પ્રસ્થાન કરાવ્યુ હતું અને રૂ.7160 કરોડના મેટ્રો રેલ યલો લાઈન પ્રોજેક્ટનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાને પોતાના સંબોધન દરમિયાન આત્મનિર્ભર ભારતની સિદ્ધિઓ અંગે વાત કરતા કહ્યું હતું કે, છેલ્લા 11 વર્ષમાં ભારતીય અર્થતંત્ર 10મા સ્થાનેથી પાંચમા સ્થાને આવી ગયું છે. ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની હવે જરૂર છે. આપણો દેશ ઝડપી ગતિએ વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા જઈ રહ્યો છે. આત્મનિર્ભર ભારતની મદદથી વિકસિત ભારત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરતાં તેમણે જણાવ્યુ હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરવા ભારત આગળ વધી રહ્યું છે. ટૂંક સમયાં સેમિકન્ડક્ટર ચીપ ભારતમાં બનતી થઈ જશે.

બેંગલુરુ મેટ્રો યલો લાઈનના ઉદઘાટન પ્રસંગે કેન્દ્ર અને કર્ણાટક સરકાર વચ્ચેની ખેંચતાણ ખુલીને સામે આવી હતી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ખર્ચથી આ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. તેમાં રાજ્ય સરકારે 80થી 90 ટકા ખર્ચ ભોગવ્યો છે. નાયબ મુખ્યમંત્રી ડી કે શિવકુમારે કહ્યું હતું કે, કેન્દ્રની નાની ભૂમિકા હોવા છતાં મેટ્રો રેલના ઉદઘાટનમાં વડાપ્રધાનને આમંત્રિત કર્યા હતા, પરંતુ આ પ્રોજેક્ટની ક્રેડિટ લેવા ભાજપે આખો કાર્યક્રમ હાઈજેક કરી લીધો હતો. વળતા જવાબમાં કેન્દ્રિય રેલવવેમંત્રી અશ્વિનિ વૈષ્ણવે કહ્યું હતું કે, વર્ષ 2014 પહેલા કર્ણાટક માટે રેલવે બજેટમાં ₹835 કરોડની જોગવાઈ હતી, જે હવે વધીને ₹7,500 કરોડ થઈ છે.

## એર ઈન્ડિયાના વધુ એક વિમાનમાં ખામી સર્જાઈ, 5 સાંસદ સહિત 100થી વધુ મુસાફરના જીવ તાળવે ચોંટ્યા


જ્યારથી અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું છે ત્યારથી એક પછી એક અનેક વિમાનોમાં ગરબડના અહેવાલ સામે આવવા લાગ્યા છે. ત્યારે વધુ એક એર ઈન્ડિયાની ફલાઈટ AI2455 ને ટેકનિકલ ખામી અને ખરાબ હવામાનને કારણે ચેન્નાઈમાં ડાઈવર્ટ કરવી પડી છે.

આ વિમાન ચેન્નાઈ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું, જ્યાં વિમાનની જરૂરી તપાસ શરૂ કરાઈ છે. આ ફલાઈટમાં પાંચ સાંસદો - કેસી વેણુગોપાલ, કોડિક્કુનીલ સુરેશ, અદૂર પ્રકાશ, કે. રાધાકૃષ્ણન અને રોબર્ટ બ્રુસ - દિલ્હી જઈ રહ્યા હતા.

કોંગ્રેસના નેતા અને સાંસદ કેસી વેણુગોપાલે સોશિયલ મીડિયા પર આ ઘટના વિશે માહિતી શેર કરી. તેમણે કહ્યું કે ફ્લાઈટ મોડી શરૂ થઈ હતી અને ટેક-ઓફ પછી તરત જ અમને અભૂતપૂર્વ ટર્બુલન્સનો સામનો કરવો પડ્યો. લગભગ એક કલાક પછી કેપ્ટને ફ્લાઈટ સિગ્નલમાં ખામી જાહેર કરી અને વિમાનને ચેન્નાઈ તરફ વાળ્યું.

વેણુગોપાલના જણાવ્યા મુજબ, વિમાન ચેન્નાઈ એરપોર્ટ ઉપર લગભગ બે કલાક સુધી ક્લિયરન્સ માટે રાહ જોતું રહ્યું. પ્રથમ લેન્ડિંગ પ્રયાસ દરમિયાન એક આઘાતજનક ક્ષણ આવી કેમ કે બીજું વિમાન તે જ રનવે પર હાજર હતું. કેપ્ટનના ઝડપી નિર્ણયથી વિમાન ઉપર ખેંચાયું અને બધા મુસાફરોના જીવ બચી ગયા. બીજા પ્રયાસમાં ફ્લાઈટ સુરક્ષિત રીતે ઉતરી ગઈ.

## અમદાવાદમાં BRTS કોરિડોરમાં કાર-ટુ વ્હીલર વચ્ચે ભયંકર ટક્કર, બે યુવાનના કમકમાટીભર્યા મોત



અમદાવાદમાં વધુ એક અકસ્માતના ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. નહેરૂનગર વિસ્તાર નજીક આવેલા ઝાંસીના રાણીના પૂતળા પાસે બીઆરટીએસ કોરિડોરમાં કાર અને ટુ વ્હીલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટુ વ્હીલર પર સવાર બે યુવકોના દુર્ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યાં હતા. આ ઘટનાની જાણ પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, નહેરૂનગરમાં ઝાંસીની રાણી નજીક મોડી રાત્રે બીઆરટીએસ કોરિડોરમાં ટુ વ્હીલર અને કાર વચ્ચે સર્જાયો હતો. આ અકસ્માતમાં એટલો ભીષણ હતો કે, ટુ વ્હીલરનો કચ્ચરઘાણ વળી ગયો છે, કાર એટલી સ્પીડમાં હતી કે ટુ વ્હીલરને ટક્કર મારતા ટુ વ્હીલર બીઆરટીએસની રેલિંગમાં અથડાઈ હતી. આ દુર્ઘટનમાં ટુ વ્હીલર પર સવાર બે યુવકોના મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ છે.

આ મામલે ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે જઈને તપાસ શરૂ કરી છે અને કારચાલકની પણ અટકાયત કરી છે, મૃતકના મૃતદેહને પીએમ માટે મોકલ્યા છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે.

## કારેલીબાગના લોકો પાણી મુદ્દે કાઉન્સિલરોને ટાંકીએ તેડી ગયા,ભાજપના નેતાએ કહ્યું,મારે ત્યાં નથી આવતું



કારેલીબાગમાં પાણીના મુદ્દે સ્થાનિક રહીશોએ ટાંકી પર હોબાળો મચાવ્યો હતો. છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણી માટે રહીશો વલખાં મારી રહ્યા છે. જેને પગલે ત્રાહિમામ પોકારી ગયેલા રહીશોએ સ્થાનિક કાઉન્સિલરોને ટાંકી પર બોલાવ્યા હતા. જ્યાં શાસક પક્ષના નેતા મનોજ પટેલે કહ્યું હતું કે, મારી સોસાયટીમાં જ પાણી આવતું નથી.

શહેરમાં પાણીનો કકળાટ યથાવત્ રહ્યો છે. કારેલીબાગ વિસ્તારમાં પાણીની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. સ્થાનિક રહીશો પાણીની અછત અને ઓછા પ્રેશરની સમસ્યાને લઈને ઉગ્ર થયા હતા અને કારેલીબાગ પાણીની ટાંકીએ પહોંચી ગયા હતા. જ્યાં લોકોએ ભાજપના કાઉન્સિલરો મનોજ પટેલ તથા બંદીશ શાહને પણ બોલાવ્યા હતા. બીજી બાજુ કોંગ્રેસના આગેવાનો પણ રજૂઆતો કરવા માટે પહોંચી ગયા હતા. કારેલીબાગ વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી પાણીની સમસ્યા વધુ વિકટ બની છે. આ વિસ્તારના લગભગ 5 હજાર પરિવારોને પૂરતા પ્રેશરથી અને સમયસર પાણી મળી રહ્યું નથી. બે દિવસના શટડાઉન બાદ પણ પાણીની સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી, જેને કારણે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિક રહીશો રવિવારે કારેલીબાગની પાણીની ટાંકીએ એકઠા થયા હતા. જ્યાં શાસક પક્ષના નેતા મનોજ પટેલે જણાવ્યું કે, બે દિવસના પાણીકાપ બાદ પણ પાણીનો પુરવઠો યોગ્ય રીતે મળી રહ્યો નથી, જેને કારણે નાગરિકોમાં નારાજગી છે. પાણી ઓછા પ્રેશરથી આવે છે, જેનાથી નાગરિકો નારાજ છે. મારી પોતાની જ સોસાયટીમાં પણ પાણી નથી. જોકે આ સમસ્યાનો સકારાત્મક ઉકેલ લાવવા માટે અધિકારીઓ સાથે અમે ચર્ચા કરી રહ્યા છીએ.

## હોટલ હયાત પ્લેસમાં શ્રાવણ માસમાં શાકાહારી ગ્રાહકને નોનવેજ પીરસી દેવાયું

શહેરના ગોત્રી સ્થિત એક નામાંકિત હોટલમાં રવિવારે બપોરે લંચ કરવા માટે ગયેલા હિન્દુ બ્રાહ્મણ પરિવારના પિતા પુત્રે શાકાહારી ભોજન ની માંગણી કરતાં હોટલ તરફથી માંસાહારી વાનગી શાકાહારી તરીકે જણાવી પીરસી હતી. ગ્રાહકે શાકાહારી વાનગી હોવાનું જાણી ભૂલથી વાનગી આરોગી લેતાં જણાયું હતું કે તેમાં નોનવેજ હતું. આ બાબતે હોટલમાં ગ્રાહકોએ હોબાળો મચાવ્યો હતો અને પોલીસને જાણ કરતાં પોલીસે સમગ્ર મામલે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાનું જણાવી હાથ અધ્ધર કરી દેતાં ગ્રાહક મિડિયા સમક્ષ રડી પડ્યો હતો.

રવિવારે બપોરે બ્રાહ્મણ પરિવારના પિતા અને પુત્ર જેમાં પંકજ મિતલ અને ડો.ગીતાંશ મિત્તલ શહેરના ગોત્રી વિસ્તારમાં નામાંકિત હોટલ હયાતમા બપોરે લંચ કરવા માટે ગયા હતા. જ્યાં તેઓને હોટલના કર્મચારી દ્વારા ભોજનમાં શાકાહારી કે પછી માંસાહારી ભોજન ઓર્ડર વિશે પૂછતાં હિન્દુ ગ્રાહકોએ ચાર વખત શુદ્ધ શાકાહારી ભોજન માટેની માંગણી કરી હતી. જ્યાં થોડીવારમાં તેઓને શાકાહારી વાનગી હોવાનું જણાવી ભોજન પિરસવામાં આવ્યું હતું પરંતુ ગ્રાહકોએ વાનગી આરોગી તો તેમાં કંઈક અજુગતું લાગતાં તેમણે હોટલના કર્મચારી ને બોલાવી તથા કૂક ને પૂછતાં તેમણે ભૂલથી નોનવેજ વાનગી પિરસી હોવાનું જણાવ્યું હતું .

જેથી ગ્રાહકે આ બાબતે મેનેજર ને જાણ કરી હતી પરંતુ મેનેજરે કંઈ પણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો. જેથી બ્રાહ્મણ પિતા પુત્રે સમગ્ર મામલે હોબાળો મચાવ્યો હતો અને બિલની માંગણી કરી હતી. પરંતુ હોટલ સતાધીશોએ બીલ આપવાનો ઈન્કાર કરી ઉપરથી ગ્રાહક પર આક્ષેપ કર્યો હતો કે, તમે હોટલને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે ત્યારે ગ્રાહકોએ સ્થાનિક પોલીસ ને કોલ કરી સમગ્ર મામલે જાણ કરતાં પોલીસે આ મામલે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાનું જણાવી હાથ અધ્ધર કરી દીધા હતા જેથી પવિત્ર શ્રાવણ માસમાં હિન્દુ બ્રાહ્મણ પરિવારના પિતા પુત્ર ગ્રાહકોને ઈરાદાપૂર્વક નોનવેજ ખવડાવી દીધું હોવાના આક્ષેપો સાથે ગ્રાહક પંકજ મિતલ રીતસરનો મિડિયા સમક્ષ રડી પડ્યા હતા.

## ગુજરાતમાં મેઘમહેરની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

ગુજરાતમાં જૂન-જુલાઈમાં મેઘમહેર થઈ હતી, જોકે ઓગસ્ટ મહિનાની શરૂઆતથી મેઘરાજાએ વિરામ લીધો હતો. એવામાં આજે વસલાડ સહિત દક્ષિણ ગુજરાતમાં સારો એવો વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આવતીકાલે પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ સિવાય જૂનાગઢ, નવસારી, સુરત, જામનગર, ખેડા, દાહોદ, ગીર સોમનાથ, તાપી, અમરેલીમાં પણ હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. આજે માઠીમારોને દરિયો ન ખેડવા તંત્ર દ્વારા સૂચનાઆપવામાં આવી છે.

## વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ ઝોનમાં મિલકતવેરાના બિલો આપી દેવાયા

વડોદરા મ્યુનિસિપલ મિલકત વેરાના બિલો આપવાની 16 જુલાઈથી કરવામાં આવ્યા બાદ તમામ ઝોનમાં બિલો આપી દેવામાં આવ્યા છે. તારીખ 7 ઓગસ્ટ સુધીમાં કોર્પોરેશનને કુલ 248.55 કરોડની આવક થઈ છે. જેમાં મિલકત વેરાની 209.95 કરોડ, પ્રોફેશનલ ટેક્સની 23.40 કરોડ, વ્હીકલ ટેક્સની 14.92 કરોડ અને વોટર ચાર્જની 28 લાખ આવક થઈ ચૂકી છે. હજુ તા.15 જૂને એડવાન્સ વેરા વળતર યોજના પૂરી થઈ છે. આ યોજનાનો 1.77 લાખ લોકોએ લાભ લીધો હતો. જેના દ્વારા કોર્પોરેશનને મિલકત વેરાની 156.81 કરોડની આવક થઈ હતી. જેમાં પ્રોફેશનલ ટેક્સ વોટર ચાર્જ, વિહિકલ ટેક્સ ઉમેરતા કુલ 187 કરોડની આવક થઈ હતી. કોર્પોરેશનમાં અંદાજે 8.40 લાખ કરદાતાઓ છે. ચાલુ નાણાકીય વર્ષમાં વેરાની આવકનો લક્ષ્યાંક 807 કરોડ છે. વેરો ભરવાની મુદત પૂર્ણ થયા બાદ કોર્પોરેશન જે કરદાતાઓએ વેરો ભર્યો ન હોય તેની પાસેથી વેરાની કડકાઈથી ઉઘરાણી ચાલુ કરશે.

# વડોદરામાં 100 કરોડના ખર્ચે નવું નર્મદા ભુવન બનશે

### નર્મદા અને કુબેર ભુવેન રેટ્રો ફિટિંગ માટે 20 દિવસમાં ખાલી કરવા નોટિસ; અન્ય બે જર્જરિત ઐતિહાસિક બિલ્ડિંગને તોડી પડાશે

વડોદરા જિલ્લાના મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ માર્ગ અને મકાન વિભાગ (R&B) દ્વારા વડોદરામાં 40 જેટલી સરકારી ઈમારતો ચકાસવામાં આવી, ત્યારે જર્જરીત ઐતિહાસિક 2 ઈમારતો જમીન દોસ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં 40થી 45 સરકારી ઓફિસ ધરાવતા નર્મદા ભુવન અને કુબેર ભુવનમાં રેટ્રો ફિટીગ કરવાનો નિર્ણય લેવાયો છે. પરિણામે આ બંને ભુવનમાં આવેલી 90 જેટલી ઓફિસોને 20 દિવસમાં ખાલી કરવા માટે PWD વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી છે. બીજી તરફ વડોદરાના પ્રથમ બનેલા બહુમાળી 8 માળના નર્મદા ભવન રૂપિયા 100 કરોડના ખર્ચે નવું બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.



“ કોઠી કંપાઉન્ડમાં આવેલી 2 ઇમારતો અત્યંત જર્જરિત હોવાથી તેને જમીન દોસ્ત કરવાનો રિપોર્ટ તૈયાર કરી સરકારમાં મોકલી આપવામાં આવ્યો છે.

**રાજેશ્વરી નાયર**
R&B વિભાગના કાર્યપાલક ઇજનેર

વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા મહીસાગર નદી ઉપરના મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યભરમાં આવેલા વર્ષો જૂના સરકારી બાંધકામોએ સરકારની ચિંતા વધારી દીધી છે. ગંભીરા બ્રિજ જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રાજ્ય સરકારે તાકીદે તમામ જૂના સરકારી બાંધકામોનું ચેકિંગ કરી રિપોર્ટ કરવા માર્ગ અને મકાન વિભાગને સૂચના આપી હતી.

દરમિયાન વડોદરા માર્ગ અને મકાન વિભાગ દ્વારા સરકારી ઈમારતોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. જોકે, આ અંગે વડોદરા R&B વિભાગના કાર્યપાલક ઈજનેર રાજેશ્વરી નાયરે જણાવ્યું હતું કે, ગંભીરા બ્રિજ દુર્ઘટના બની હોવાથી તપાસ કરવામાં આવી રહી છે તેવું નથી. વિભાગ દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવે છે. અલબત્ત ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ વડોદરા માર્ગ અને મકાન વિભાગે તેનાં તાબા હેઠળ આવતી નર્મદા ભુવન અને કુબેર ભુવન સહિત 40 સરકારી ઈમારતોની ચકાસણી કરવામાં આવી છે. આ ઈમારતો પૈકી કોઠી કંપાઉન્ડમાં આવેલી 2 ઈમારતો અત્યંત જર્જરિત હોવાથી તેને જમીન દોસ્ત કરવાનો રિપોર્ટ તૈયાર કરી સરકારમાં મોકલી આપવામાં આવ્યો છે. બંને ભુવનની ઓફિસો 20 દિવસમાં ખાલી કરવા નોટિસ અપાઈ

40થી 45 જેટલી સરકારી ઓફિસો આવેલી છે તેવા નર્મદા ભુવન અને કુબેર ભુવનમા “રેટ્રો ફિટીગ” કામગીરી કરવાની હોવાથી આ બંને ભુવન સ્થિત ઓફિસોના સત્તાધીશોને વૈકલ્પિક વ્યવસ્થા કરી 20 દિવસમાં ખાલી કરવા માટે નોટિસો આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શહેરની મધ્યમાં આવેલ નર્મદા ભુવન અને કુબેર ભુવનમાં આવેલી વિવિધ ઓફિસોમાં 1500થી વધુ કર્મચારીઓ નોકરી કરે છે. અને આ બંને જગ્યાએ પ્રતિદિન 2500થી 3000 જેટલા લોકોની આવન-જાવન રહે છે.


FOR SELL



1BHK
Tenement
House

SARFARAZ PARK,
TANDALJA, VADODARA.

M.9825017686



તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

# વરસાદ ખેંચાતાં કચ્છના ખેડૂતોમાં ચિંતાનાં વાદળ

ગઈ છેટ્ટી જુલાઈએ સચરાચર મહેર વરસાવ્યા બાદ મેઘરાજા લાંબા સમયથી ગાયબ રહેતાં જગતના તાતના કપાળ પર ચિંતાની લકીરો દેખાવા લાગી છે. એ દરમ્યાન ક્યાંક ઝાપટાં કે ક્યાંક ઝરમર વરસાદ જરૂર નોંધાયો છે, પરંતુ મુશ્કેલી એ છે કે, કપિત-સૂકી ખેતી કરતા કિસાનોએ સારાં ચોમાસાંનાં મંગલાચરણ બાદ વાવણી કરી લીધી છે, હવે પાંચ-સાત દિવસમાં વરસાદ નહીં પડે તો વાવણી નિષ્ફળ જશે. કચ્છ માટે વરસાદ ભાગ્યવિધાતા છે. એક-દોઢ દાયકા પહેલાંની તુલનાએ પાણીની સ્થિતિ અને વરસાદની પેટર્ન નિ:સંદેહ બદલાઈ છે. નર્મદાની સિંચાઈની કેનાલનું કામ પૂરું થયું છે અને નર્મદાનાં ચોમાસાંમાં મળનારાં વધારાનાં પાણી જળાશયો સુધી પહોંચાડવાનાં કામો ચાલી રહ્યાં છે. સદ્નસીબે છેલ્લા લાગલગાટ ચોમાસાં સારાં ગયાં છે, આમ છતાં આજે પણ કચ્છના 70 ટકા ખેડૂતો સૂકી ખેતી આધારિત છે. અહીં એ નોંધનીય છે કે, સૂકી ખેતી કરતા ખેડૂતો ઓછાં પાણીમાં પણ પાકી જાય તેવા ગોવાર, મગ, મઠ, તલ, એરંડા, બાજરો જેવા પાકો પોંખતા હોય છે અને આ વખતે ચોમાસાંની શરૂઆત સારી રહ્યા પછી પહેલી વાવણી ઉત્સાહભેર કરી પણ દેવાઈ છે. અત્યારે વિખેડા કઢાય છે એટલે એકાદ અઠવાડિયા સુધી વાંધો નથી, પરંતુ ત્યાર પછી પણ વરસાદ ન વરસે તો રામમોલ કરનારા ખેડૂતોનું વર્ષ નબળું જવાની ભીતિ નકારી ન શકાય. આમ તો દરેક તાલુકામાં સૂકી ખેતી છે જ, પરંતુ ખાસ કરીને ખાવડા, આહીરપટ્ટી, પાવરપટ્ટી, લખપત પછી અબડાસામાં તેરા, બિટ્ટા, વાયોર પંથક, રાપરમાં બાલાસર, બેલા, જાટાવાડા અને જ્યાં નર્મદાનાં નીરની કેનાલ નથી પહોંચી તેવા તમામ ભાગો, ભચાઉ તાલુકાના છાડવાડા, જંગી, વોંધ સહિત વિસ્તારો પૂરેપૂરા મેઘરાજાની મહેરબાની પર નિર્ભર છે. છેલ્લાં કેટલાંક વર્ષથી કચ્છ માટે જેઠ અને અષાઢ ફાયદાકારક રહ્યા છે. નૈઋત્ય ચોમાસાંના આરંભે શૂરાનો તાલ સર્જાય છે, એ પછી વરસાદ ખેંચાય છે અથવા તો ભાદરવા જેમ છૂટોછવાયો વરસે છે. આ વખતે જૂનની સરખામણીએ જુલાઈમાં સાર્વત્રિક વરસાદના દિવસો ઓછા જોવા મળ્યા. શ્રાવણ આવી ગયા છતાં હજુ 64 ટકા વરસાદ જ થયો છે. પરિણામે જળાશયોમાં જોઈએ તેટલું પાણી સંગ્રહિત થયું નથી. મધ્યમ સિંચાઈના 20 પૈકી 10 ડેમમાં 50 ટકાથી ઓછું પાણી આવ્યું છે. તેમાંય રુદ્રમાતા, સાનધ્રો, નરા અને કાસવતીમાં તો 30 ટકા પાણી માંડ બચ્યું છે. કચ્છમાં ચોમાસાંનો ઈતિહાસ જોઈએ તો સારા વરસાદવાળાં અનેક વર્ષોમાં શ્રાવણની આખરમાં અથવા તો ભાદરવામાં ભરપૂર મહેર વરસી છે. તહેવારોની સિઝન શરૂ થઈ ચૂકી છે, ત્યારે મેઘરાજાને પ્રાર્થના કરીએ કે બાકીના દિવસોમાં મહેર વરસાવીને ખેડૂતોનું વર્ષ સુધારી દે. વરસાદ કચ્છ અને કચ્છીઓ માટે ભાગ્યવિધાતા છે.

# જાંબુવા બ્રિજના ટ્રાફિકથી માંડ રાહત મળી તો હવે કપુરાઈથી ગોલ્ડન ચોકડી સુધી 10 KMનો જામ, બાળકો ભૂખ્યા, તરસ્યા ટળવળ્યાં

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર જાંબુવા બ્રિજ પરના ટ્રાફિક જામથી થોડા દિવસ પહેલા માંડ રાહત મળી હતી, ત્યાં હવે 8 કિલોમીટર દૂર કપુરાઈ ચોકડીથી ગોલ્ડન ચોકડી સુધીનો 10 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાતા વાહનચાલકો અને મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા હતા. આજ સવારથી હજારો વાહનો ચાર બ્રિજ પર ફસાયા હતા, જેના કારણે લોકોને ત્રણ કલાકથી વધુ સમય સુધી અટવાઈ રહેવું પડ્યું.



નાનાં બાળકો ભૂખ્યા-તરસ્યા ટળવળતા જોવા મળ્યા, જ્યારે બિમાર વ્યક્તિઓ અને ઓફિસથી ઘરે જઈ રહેલા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. આ પ્રકારના ટ્રાફિકજામથી ભારે આક્રોશ વ્યક્ત કરતા લોકોએ જણાવ્યું કે, સ્થિતિ એની એજ રહી છે, ફક્ત જગ્યા બદલાઈ છે, તંત્રએ આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જોઈએ.

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર કપુરાઈ ચોકડીથી ગોલ્ડન ચોકડી સુધી ટ્રાફિકજામ થઈ જતાં હજારો લોકો ટ્રાફિકજામમાં ફસાયા છે. 4 કલાકથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી ટ્રાફિકમાંથી મુક્તિ મળી નથી, જેને કારણે વાહન ચાલકો હેરાન પરેશાન જોવા મળ્યા. દિવ્ય ભાસ્કરના અભિયાનને પગલે જાંબુવા બ્રિજના ટ્રાફિકજામથી લોકોને રાહત મળી છે, ત્યાં તો નવા સ્થળોએ ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે. કેટલાક લોકો તો બપોરના નોકરીથી નિકળ્યા, પરંતુ 7 વાગ્યા સુધી ટ્રાફિકમાં જ ફસાયેલા હતા.

કારચાલક રાકેશભાઈ બારોટે જણાવ્યું હતું કે, હું મકરપુરા GIDCમાં નોકરી કરું છું. 2 વાગ્યે નોકરી પરથી નિકળ્યો હતો અને હજી 5 વાગ્યે પણ ટ્રાફિકજામમાં ફસાયેલો છું. હું કેટલા વાગ્યે ઘરે પહોંચીશ, તે મને ખબર નથી, કારણ કે, હજી લાંબો ટ્રાફિક લાગેલો છે. હું અઢી કલાકથી ટ્રાફિકજામમાં ફસાયેલો છું. 10 કિ.મી.નો ટ્રાફિકજામ છે સાહેબ, મારે પેટ્રોલનો ધૂમાડો થઈ ગયો છે. શું કરવાનું, સખ્ત હેરાન થઈ ગયો છું પીવા માટે પાણીની બોટલ પણ નથી.

અમદાવાદના કારચાલક અજયભાઈએ જણાવ્યું હતું કે, અમે અમદાવાદથી ચાણોદ અસ્થિ વિસર્જન માટે ગયા હતા. અઢી કલાકથી ટ્રાફિકજામમાં ફસાયા છીએ. અમારા બાળકો ભૂખ્યા છે. ટ્રાફિકમાંથી આગળ નિકળીએ તો બાળકોને જમવાનું મળશે. જ્યારે કારમાં બેઠેલા ડાયાભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, હું બિમાર છું. ગોધરાથી દવાખાને વડોદરા આવ્યા હતા. 2 વાગ્યાના ટ્રાફિકમાં ફસેયાલા છે. અમે હેરાન પરેશાન થઈ ગયા છીએ. પાણી પણ પીવા મળતું નથી. પૈસા ખર્ચીને વચ્ચેથી પાણી ખરીદ્યુ છે. અન્ય એક મહિલાએ કહ્યું હતું કે, અમે કંટાળી ગયા છીએ. અમે 3 કલાકથી ટ્રાફિકમાં ફસાયા છીએ.

**ખેડા જિલ્લામાં એક માસ સુધી ચાલશે ટ્રાફિક અવેરનેસ ડ્રાઈવ**

# સરકારી-ખાનગી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ટ્રાફિક નિયમોનું પાલન કરવા જનજાગૃતિ અભિયાન

ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતો ઘટાડવાના હેતુથી "સાવધાન રહો, સુરક્ષિત રહો અને સલામત રહો"ના સંદેશ સાથે એક માસ સુધી ચાલનારા ટ્રાફિક અવેરનેસ ડ્રાઈવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનના ભાગરૂપે આજે ખેડા પ્રાંતની કચેરી અને ખેડા મામલતદાર કચેરી ખાતે આકસ્મિક ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ દરમિયાન વાહન ચાલકોને સાવધાની પૂર્વક સલામતી સાથે મુસાફરી કરવા માટે ગુલાબનું પુષ્પ અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



ખેડા જિલ્લામાં સરકારી ઓફિસોના અધિકારીઓ, કર્મચારીઓ, સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ, ખાનગી કંપનીના કર્મચારીઓ અને સામાન્ય નાગરિકો હેલ્મેટનો અવશ્ય ઉપયોગ કરે તે માટે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ આગામી એક માસ સુધી જિલ્લાભરમાં વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે. ખેડા પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ લોકોને ટ્રાફિકના નિયમોથી માહિતગાર કરવા અને તેનું પાલન કરવા પ્રોત્સાહિત કરવાનો છે.

આજે યોજાયેલી આકસ્મિક ટ્રાફિક ડ્રાઈવમાં વાહન ચાલકો, રાહદારીઓ અને સ્થાનિક લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ અભિયાન દ્વારા જિલ્લામાં થતા માર્ગ અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

# જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઈ. સસ્પેન્ડ, કામગીરીમાં નિષ્ફળ નીવડતા દાખલો બેસાડવા કાર્યવાહી

વડોદરાના જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન પરમારને પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવા હુકમ કર્યો છે. જેને પગલે પોલીસ બેડામાં અનેક તર્ક-વિતર્કો શરૂ થઈ ગયા છે. વહીવટી કારણોસર તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

જવાહરનગર પોલીસ સ્ટેશનના તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર જે દિવસથી બદલી થઈ આવ્યાં તે જ દિવસથી તેમણે પોતાની મનમાની ચલાવવાનું શરૂ કરી દીધું હતું. તેઓ ઉપલા અધિકારીની કોઈપણ સૂચનાનું પાલન કરતા નહોતા. પોતાના મનમાં આવે તે જ રીતે કામ કરતા અને સ્ટાફ પાસે કામ કરાવતા હતા. આ ઉપરાંત થોડા સમય પહેલા જવાહરનગર પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસ પોલીસ ઈન્સ્પેકટર જે.એન પરમારને સોંપવામાં આવી હતી. જોકે, તેમને આ ફરિયાદની તપાસ પી.એસ.આઈને સોંપી દીધી હોવાનું ઉચ્ચ અધિકારીના ધ્યાને આવ્યું હતું.

સસ્પેન્ડેડ ઈન્સ્પેક્ટર જે.એન પરમાર પોતાની કામગીરીમાં સતત નિષ્ફળ નીવડ્યા છે અને વિસ્તારમાં નામાંકિત લોકો સાથે ગેરવર્તણૂકની પણ ફરિયાદો ઉઠી હતી. આવી અનેક ફરિયાદો ઉઠતા સમગ્ર પોલીસ ફોર્સની છબી ખરડાઈ એવી પરિસ્થિતિ ઉભી થઈ હતી. જે બાબત પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના ધ્યાને આવતા અન્ય કોઈ પોલીસ અધિકારી આ પ્રકારની હરકોત ભવિષ્યના દિવસોમાં ન કરે તે માટે દાખલો બેસાડતો નિર્ણય લઈ જવાહરનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર જે. એન પરમારને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવા હુકમ કર્યો છે.

# 15 સપ્ટેમ્બરથી હેલ્મેટના નિયમનું કડકાઈથી અમલીકરણ કરાશે: વડોદરા શહેર પોલીસ કમિશનર

વડોદરા શહેર પોલીસ દ્વારા રાહવીર યોજના અને હેલ્મેટ અંગેની જાગૃતિનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનને શહેર પોલીસ કમિશનર, એડિશનલ પોલીસ કમિશનર, સાંસદ, સયાજી હોસ્પિટલના અધિક્ષક સહિતના અગ્રણીઓ દ્વારા આજે લીલી ઝંડી આપવામાં આવી હતી. આ પ્રસંગે શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, આગામી 15 સપ્ટેમ્બરથી વડોદરા શહેરમાં હેલ્મેટના નિયમોનું કડકાઈપૂર્વક પાલન કરાવવામાં આવશે અને હેલ્મેટ નહી પહેરનાર વાહન ચાલકો સામે ઝીરો ટોલરન્સથી હેલ્મેટના કાયદાનું અસરકારક રીતે અમલીકરણ કરાવવામાં આવશે.




વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે સંબોધનમાં જણાવ્યું હતું કે, અમે હેલ્મેટના નિયમનું કડકાઈથી અમલ કરવા માંગીએ છીએ. તે પહેલા આપણે વડોદરામાં કાર્યરત વ્હીકલ ડીલરો, વાહન વેચે તેની સાથે તેમને બે હેલ્મેટ આપો. હેલમેટ સ્ટાન્ડર્ડ હોવા જોઈએ. તમામ જગ્યાઓ પર હેલ્મેટ સાથે રાખો, ભૂલ્યા વગર હેલ્મેટ સાથે રાખો. 15 સપ્ટેમ્બરથી અમે ઝીરો ટોલરન્સ એપ્રોચ સાથે હેલ્મેટના નિયમનું પાલન કરાવવાનું શરૂ કરીશું. પોલીસ તમને રોકે, તો તે વિલન નથી. તે તમને તમારી નિષ્કાળજી જણાવીને, તમને નિયમોનું પાલન કરાવવા માટે કહેશે.

વડોદરા શહેર પોલીસ કમિશનરે અપીલ કરતા કહ્યું હતું કે, જો તમારી પાસે હેલ્મેટ હોય તો આજથી જ તેનો ઉપયોગ કરવાનું શરૂ કરી દો. તમારા પાસે હેલ્મેટ ના હોય તો નજીકમાં સ્ટાન્ડર્ડ હેલ્મેટ ખરીદીને તેનો ઉપયોગ કરતા થાઓ. સાથે જ તમારા નજીકના લોકોને પણ હેલ્મેટ પહેરીવા માટે પ્રોત્સાહિત કરો. આપણે સમાજમાં મજબુત મેસેજ આપવાનો છે. લોકો પોતાની સુરક્ષા માટે પ્રતિબદ્ધતા દર્શાવે.

**દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ:દિવ્યાંગોને મુખ્યધારામાં લાવવા આપણા સૌનું દાયિત્વ**

# ભચાઉ ખાતે રાજ્યપાલના હસ્તે દિવ્યાંગોને ઈલેક્ટ્રીક ટ્રાય-સાયકલ, વ્હીલચેર અને સ્માર્ટફોન વિતરણ કરવામાં આવ્યા

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને કચ્છના ભચાઉ ખાતે નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના પરોપકારના કાર્યોને સમાજ માટે ઉદાહરણરૂપ ગણાવીને જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં દિવ્યાંગ બાળકોની સારસંભાળ માતા-પિતા માટે પડકારરૂપ બાબત બની ગઈ છે.



દિવ્યાંગજનો સમાજનું અભિન્ન અંગ છે ત્યારે સંસ્થા દ્વારા વિતરણ કરવામાં આવેલી આધુનિક સાધન સામગ્રી તેમને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થશે. સમાજના દુ:ખીજનો પ્રત્યે સેવાભાવના કેળવવા અનુરોધ કરીને રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, જે મનુષ્યમાં જરૂરિયાતમંદ માટે દયાભાવ પ્રગટ ના થાય તે મનુષ્ય પથ્થર સમાન છે.

મનુષ્ય અવતારમાં પરોપકાર અને સતકાર્યો કરીને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ કરવા રાજ્યપાલએ આહવાન કરી ધરતી પર તમામ જીવો માટે કલ્યાણની ભાવના રાખવા જણાવ્યું હતું. રાજ્યપાલની ઉપસ્થિતિમાં ૧૦૦ કરતાં વધુ દિવ્યાંગોને ઈલેક્ટ્રીક ટ્રાઈ-સાયકલ, મેન્યુઅલ ટ્રાઈ-સાયકલ, વ્હીલચેર, કેલિપર, સ્માર્ટફોન સહિતના જીવન જરૂરિયાતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિતરણ કરવામાં આવેલી ટ્રાઈ-સાયકલ અંદાજે ૪૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે, જે દિવ્યાંગજનોને 'આજીવિકા અને આત્મનિર્ભરતા' માટે સહાયક સાબિત થશે. પ્રાચીન ભારતની વસુધૈવ કુટુમ્બકમની ભાવનાનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલએ કહ્યું કે, સમય અને પરિસ્થિતિના કારણે દિવ્યાંગ બનેલા માનવીઓનું કલ્યાણ કરવું એ આપણું કર્તવ્ય છે. અંગો વગરનું જીવન ખૂબ મુશ્કેલ બની જાય છે.

# ડભોઈમાં હડકાયેલા કૂતરાનો આતંક; 10 ઈજાગ્રસ્તને લોહીલુહાણ હાલતમાં SSGમાં ખસેડાયા

વડોદરાના ડભોઈ નગરમાં 8 ઓગસ્ટના રોજ હડકાયેલા કૂતરાએ 3 કલાકમાં 25 જેટલા લોકોને બચકાં ભરતા હાહાકાર મચી ગયો છે. આતંક મચાવનાર કૂતરાના હુમલાનો ભોગ બનેલા 10 ઈજાગ્રસ્તોને મોડી રાત્રે વડોદરા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોએ નગરમાં વધી ગયેલા કૂતરાનો ત્રાસ દૂર કરવા તંત્ર પાસે માગ કરી છે.



મળેલી માહિતી પ્રમાણે, ડભોઈ નગમાં હડકાયેલા કૂતરાએ નાંદોદી ભાગોળ, સુરજ ફળિયા, રબારી વગા, શિનોર ચોકડી, બેગવાડા અને ભીલવાડા જેવા વિસ્તારોમાં જે વ્યક્તિ દેખાય તેની પાછળ દોડી હુમલા કર્યો હતો. માત્ર 3 કલાકમાં આશરે 25થી 30 જેટલા લોકોને બચકાં ભરી ઈજા કરી હતી. મોડી સાંજે બનેલી આ ઘટનાએ પંથકમાં હાહાકાર મચાવી મૂક્યો હતો. તે સાથે ભયનો માહોલ છવાઈ ગયો છે. સાંજે 5 વાગ્યાથી શરૂ થયેલો આ આતંક રાત્રે 8 વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. કૂતરાના હુમલાનો ભોગ શિકાર બનેલાઓમા કિરણભાઈ ગોવિંદભાઈ વસાવા, સંજી ગલીયા વસાવા, યુનુસ પઠાણ, પરેશભાઈ, રાજેશભાઈ, અરૂણભાઈ વસાવા, રાકેશભાઈ રમેશભાઈ, રમેશભાઈ, ઈશ્વરભાઈ નિમેષભાઈ, અતુલ કાલિદાસ, શૈલેષભાઈ સહિત 25 જેટલા લોકો લોહીલુહાણ હાલતમાં ડભોઈ સરકારી દવાખાને પહોંચ્યા હતા. તબીબોએ ઈજાગ્રસ્તો પૈકી ગંભીર રીતે ઘવાયેલા 10 લોકોને વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે રિફર કર્યા હતા. ડભોઈના રહેવાસી જિગ્નેશ રાણાએ જણાવ્યું હતું કે, આતંક મચાવનાર હડકાયેલા કૂતરાએ બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને શિકાર બનાવ્યા હતા. કૂતરાના હુમલાથી કેટલાક લોકોના હાથ, પગ અને ચહેરા પર ઊંડા ઘા પડ્યા હતા. ડભોઈ નગરમાં 3 કલાક સુધી કૂતરાના ચાલેલા આ આતંક દરમિયાન નગરપાલિકા કે પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થા તરફથી કોઈ તાત્કાલિક કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો.

**શ્રદ્ધાંજલિ**




જીગ્નેશ ભાઈ શાહ

યુવા પત્રકારોની પ્રેરણા આપનાર તંત્રીશ્રીને વોઇસઓફ વડોદરાના તંત્રીશ્રી તેમજ પરિવાર અને ટીમ તેમજ પત્રકાર હીત રક્ષક સમિતિ (RNI) ગ્રુપ તરફથી શ્રી જીગ્નેશ ભાઈ શાહ ભાવભીની શ્રદ્ધાંજલિ ...

# સ્ટેટ એગ્રીકલ્ચર બેંકમાં વડોદરા જિલ્લાએ સૌથી વધુથાપણ અને એકાઉન્ટનો રેકોર્ડ કર્યો

રાજ્યના સહકારી વિભાગની ખેતીવાડી બેન્કમાં વડોદરા જિલ્લાએ સૌથી વધુ સેવિંગ એકાઉન્ટ ખોલતા મુખ્યમંત્રીના હસ્તે વડોદરા જિલ્લા ખેતીવાડી બેંકને જુદા જુદા બે એવોર્ડ આપવામાં આવ્યા હતા.

ગુજરાત સ્ટેટ કો ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્કની યોજાયેલી 73 મી એજીએમમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં સૌથી વધુ સેવિંગ એકાઉન્ટ 6,500 ખોલવા બદલ તેમજ સૌથી વધુ થાપણ 26.5 કરોડ કરવા બદલ મુખ્યમંત્રી દ્વારા વડોદરા જિલ્લા ખેતી બેંકના ડિરેક્ટર જીબી સોલંકીને રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે જુદા-જુદા બે એવોર્ડ આપવામાં



આવ્યા હતા. વડોદરા જિલ્લા ખેતીવાડી બેન્ક દ્વારા પહેલી વખત આ પ્રકારની કામગીરી કરવામાં આવી હોવાથી સન્માન કરવામાં આવ્યું હતું.

# નવા મામલતદાર અધિકારીઓની નિમણૂક થઈ:ગોધરા શહેર, ગ્રામ્ય, કાલોલ, જાંબુઘોડાનો સમાવેશ

રાજ્ય સરકારના તાજેતરના બદલી હુકમમાં પંચમહાલ જિલ્લા અને આસપાસના વિસ્તારોમાં મામલતદાર અધિકારીઓની બદલી કરી છે. આ બદલીઓના પરિણામે ગોધરા શહેર, ગોધરા ગ્રામ્ય, કાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં નવા મામલતદાર અધિકારીઓની નિમણૂક થઈ છે.

જેમાં ગોધરા શહેર મામલતદાર હર્ષદ વી. ભોઈને આણંદ ખાતે પબ્લિક રિલેશન ઓફિસર તરીકે અને કાલોલ મામલતદાર યોગેન્દ્રસિંહ જે. પુવારની દાહોદ પબ્લિક રિલેશન ઓફિસર તરીકે બદલી થઈ છે. ગોધરા ગ્રામ્ય મામલતદાર નિલેશ વી. પટેલની સાબરકાંઠા ખાતે ચીટનિશ તરીકે બદલી કરવામાં આવી છે. તરુણકુમાર દિનેશભાઈ પટેલની ખેડા જિલ્લા પરથી બદલી કરીને ગોધરા ગ્રામ્ય મામલતદાર તરીકે નિમણૂક આપવામાં આવી છે. અમીબેન હસમુખભાઈ પટેલની વડોદરા ખાતેથી બદલી કરીને ગોધરા શહેર મામલતદાર તરીકે નિમણૂક કરાઈ છે. કલ્પિતકુમાર સેવકની બદલી કરીને જાંબુઘોડા મામલતદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિકાસ આત્મારામભાઈ પટેલની મહીસાગર જિલ્લામાંથી બદલી કરીને કાલોલ મામલતદાર તરીકે નિમણૂક કરાઈ છે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાના અંજલિ તાબે અને શિલ્પા તાંબેના ગુજરાતના પર્યાવરણ સંરક્ષણ પ્રયાસોને બિરદાવ્યા



રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરાના શ્રીમતી અંજલિબેન અને શ્રીમતી શિલ્પાબેન દ્વારા "Let's Redo" મિશન અંતર્ગત પ્લાસ્ટિક અને ફેબ્રિકના સર્જનાત્મક ઉપયોગની સરાહના કરી. તેમણે બંનેને તેમના કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્લાસ્ટિક અને ફેબ્રિકના કચરાને ઉપયોગી ઉત્પાદનોમાં ફેરવવાની તમારી કામગીરી પ્રશંસનીય છે. આજના સમયમાં પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરવા માટે પર્યાવરણનું સંરક્ષણ કરવું અત્યંત આવશ્યક છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા પર્યાવરણના જતન માટે કટિબદ્ધ રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે સૌર ઉર્જા નીતિ, સૌર ઉદ્યાનો અને વન મહોત્સવ જેવા અનેક પર્યાવરણલક્ષી પગલાં ભર્યા હતા. ઉલ્લેખનીય છે કે અંજલિબેન તાંબે એ બે દાયકાની કોર્પોરેટ કારકિર્દી છોડીને સમાજસેવા માટે આ કાર્ય અપનાવ્યુ છે. પ્લાસ્ટિક યાર્નમાંથી ૩૪ થી વધુ પ્રકારની વસ્તુઓ જેવી કે વોલેટ, ચશ્મા, હોલ્ડર્સ, લેપટોપ બેગ, હેન્ડબેગ, પર્સ, ડોરમેટ અને પ્લાન્ટર્સ તૈયાર કરવામાં આવે છે. આ ઉત્પાદનોની ડિઝાઈન અને સિલાઈ સ્થાનિક મહિલા કારીગરો દ્વારા થાય છે, જે તેમને રોજગારી પણ પૂરી પાડે છે. આમ, સંશોધનાત્મક અને રચનાત્મક પ્રવૃતિઓ થકી પર્યાવરણનું જતન અને રક્ષણ કરતા ઉત્પાદનો સહિત મહિલાઓને રોજગારી આપવાની સરાહનીય કામગીરી બદલ મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી છે.

# વડોદરા જિલ્લામાં 'સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ' કાર્યક્રમ હેઠળ સ્વચ્છતાના શપથ લેવાયા

હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૫ અંતર્ગત 'હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા; સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ' થીમ ઉપર વડોદરા જિલ્લામાં ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે, આ કાર્યક્રમના ભાગરૂપે જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતો અને શાળાઓમાં સ્વચ્છતા શપથ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોમાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, સરપંચો અને પંચ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ સ્વચ્છતા જાળવવા, ખુલ્લામાં શૌચ ન કરવા,



કચરાનો યોગ્ય નિકાલ કરવા અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રતિબદ્ધ રહેવાના શપથ લીધા હતા.

આ અભિયાનનો મુખ્ય હેતુ લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો, દરેક ઘરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો અને સ્વતંત્રતા સપ્તાહને સ્વચ્છતા અને ગૌરવ સાથે ઉજવવાનો છે. જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ સંબંધિત અધિકારીઓની ઉપસ્થિતિમાં જિલ્લાભરમાં આ કાર્યક્રમો સફળતા પૂર્વક પૂર્ણ થયા હતા.

# સુરતના માંડવી ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિઃ મુખ્યમંત્રીએ આદિવાસી સમાજને 479 કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી

સુરત જિલ્લાના માંડવી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યના આદિજાતિ બંધુઓને રૂ. 479 કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી.

આ ભેટમાં રૂ. 278 કરોડના 1240 વિકાસકામોના ખાતમુહૂર્ત અને રૂ. 200 કરોડના 1282 કામોના લોકાર્પણનો સમાવેશ થાય છે. સાથે જ રાજ્યના 6,20,846 આદિજાતિ લાભાર્થીઓને રૂ. 125 કરોડના વ્યક્તિલક્ષી યોજનાકીય લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વનબંધુઓને વિશ્વબંધુ બનાવવાના' સંકલ્પને રાજ્ય સરકારે સાકાર કર્યો છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનએ વર્ષ 2021થી દર વર્ષે 15 નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની પ્રણાલી શરૂ કરી છે.

આદિવાસી સમાજના ઉદ્ધારક ભગવાન બિરસા મુંડાએ બ્રિટિશ શાસન સામે 'ઉલગુલાન' (મહાન આંદોલન) વિદ્રોહ કરી આદિજાતિઓમાં ચેતના જગાવી હતી. આદિવાસી સમાજ તેમને 'ધરતી આબા' (પૃથ્વીના પિતા) અને 'ભગવાન' તરીકે પૂજે છે.

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન 'વનબંધુ કલ્યાણ યોજના' અમલમાં મૂકી હતી. તેમણે ઉમેર્યું કે વર્તમાન સરકારે આદિજાતિ વિકાસ વિભાગને રૂ. 30 હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે.

મુખ્યમંત્રીએ રક્ષાબંધનના તહેવાર નિમિત્તે આદિજાતિ બહેનો દ્વારા રાખડી બંધાવી. તેમણે માંડવીના તાપી રિવરફ્રન્ટ ખાતે આદિજાતિ ચૌધરી પરિવાર સાથે બપોરનું ભોજન પણ લીધું હતું.



કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને આદિજાતિ ભાઈઓ-બહેનોનું પરંપરાગત નૃત્યો અને સંગીત સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

# નંદેસરી જીઆઈડીસીમાં સુરક્ષા બંધન સેમિનારમાં શ્રમયોગીઓને માર્ગદર્શન અપાયું

વડોદરા જિલ્લાના નંદેસરી ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન હોલ ખાતે "સુરક્ષા બંધન" શીર્ષક હેઠળ ઔદ્યોગિક સલામતી સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક એકમોમાં કાર્યરત શ્રમયોગીઓમાં સલામતી અને આરોગ્ય અંગે જાગૃતિ લાવવી અને કાર્યસ્થળ પર સલામતીના સ્તરમાં સુધારાને પ્રોત્સાહન આપવા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી પી.એમ. શાહ, નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય વિભાગ, ગુજરાત રાજ્ય, અમદાવાદ અને શ્રી ડી.કે. વસાવા, સંયુક્ત નિયામક, વડોદરા ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે શ્રી એચ.પી. પરમાર અને શ્રી એમ.આઈ. વ્હોરા, નાયબ નિયામકશ્રીઓ તેમજ તેમની ટીમ પણ હાજર રહી. નંદેસરી ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશનના ચેરમેન શ્રી બાબુભાઈ પટેલ તેમજ અન્ય પ્રતિનિધિઓએ પણ



કાર્યક્રમમાં હાજરી આપી.

સેમિનારમાં ઔદ્યોગિક સલામતીના વિવિધ વિષયો જેમ કે, મટિરિયલ હેન્ડલિંગ (મિકેનિકલ તથા કેમિકલ) અને વર્ક એટ હાઈટ - અંગે શ્રી કુંદનસિંહ દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓએ દૃષ્ટાંત તથા પ્રેઝન્ટેશનના માધ્યમથી શ્રમયોગીઓ અને ઉદ્યોગકારોને સુરક્ષા સંદર્ભે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

આ સેમિનારમાં વડોદરા તાલુકા તથા જિલ્લાના વિવિધ ઔદ્યોગિક એકમોમાંથી આશરે ૨૫૦ પ્રતિનિધિઓ, જેમાં શ્રમયોગીઓ, મેનેજમેન્ટ પ્રતિનિધિઓ તથા ઉદ્યોગોના માલિકો સહભાગી થયા હતા.

સેમિનાર દરમિયાન "હર ઘર તિરંગા" અભિયાનની માહિતી પણ આપવામાં આવી હતી અને રાષ્ટ્રપ્રેમ જાગૃત કરતા આ અભિયાનમાં ઉદ્યોગ જગત અને શ્રમયોગીઓએ સક્રિય ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ સેમિનાર સલામતી અંગેના જાગૃતિ અભિયાનનો મહત્વનો હિસ્સો સાબિત થયો હતો. આવનારા દિવસોમાં વધુ ઉદ્યોગ એકમો આ દિશામાં ગતિશીલ થાય તેવા આશાવાદ સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો

# નડિયાદ સિનિયર સિટીઝન કલબ દ્વારા કાર્યક્રમનું આયોજન

## 11 મુસ્લિમ દીકરીઓએ 30થી વધુ હિન્દુમહિલાઓના હાથમાં મહેંદી મૂકી આપી



સિનિયર સિટીઝન કલબ નડિયાદ દ્વારા આ રક્ષાબંધનને લઈ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કન્યા વ્યાયામ મંદિરના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં 11 મુસ્લિમ દીકરીઓએ મહેંદી આર્ટિસ્ટ તરીકે 30થી વધુ હિન્દુ મહિલાઓના હાથમાં સુંદર મહેંદી મૂકી હતી. આ કાર્યક્રમ દ્વારા કોમી એકતા અને સદભાવનાનો સંદેશ સમાજમાં ફેલાવવાનો પ્રયાસ કરાયો હતો.

નડિયાદમાં રક્ષાબંધન પર્વ પૂર્વે ફેડરેશન ઓફ સિનિયર સિટીઝન કલબ ખેડા જિલ્લાના સંલગ્ન યુનિટિ સિનિયર સિટીઝન કલબ નડિયાદ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કન્યા વ્યાયામ મંદિરના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં 11 મુસ્લિમ દીકરીઓએ મહેંદી આર્ટિસ્ટ તરીકે 30થી વધુ હિન્દુ મહિલાઓના હાથમાં સુંદર મહેંદી મૂકી હતી. આ કાર્યક્રમ દ્વારા કોમી એકતા અને સદભાવનાનો સંદેશ સમાજમાં ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ યુનિટિ સિનિયર સિટીઝન કલબ નડિયાદના રસીકભાઈ મોટાનાના સ્પોન્સરશીપથી યોજાયો હતો.

કાર્યક્રમમાં ફેડરેશન ઓફ સિનિયર સિટીઝન કલબ ખેડા જિલ્લાના પ્રમુખ સત્યનારાયણભાઈ, સામાજિક કાર્યકર ભરતભાઈ પંડ્યા, ઈકબાલભાઈ મેમણ, ઉર્મિલાબેન સુથાર સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આ પ્રકારના કાર્યક્રમો દ્વારા સમાજમાં કોમી એખલાસ અને એકતાનું પ્રતિબિંબ રજૂ કરવામાં આવે છે. રક્ષાબંધન જેવા પવિત્ર તહેવાર પર આવી અનોખી ઉજવણી સમાજમાં સદભાવના વધારવામાં મદદરૂપ બને છે. 11 મુસ્લિમ દીકરીઓએ 30થી વધુ હિન્દુ મહિલાઓના મહેંદી મૂકી આપી હતી.

# તા.૧૩ ઓગસ્ટ ના રોજ આણંદ ખાતે પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજનાની જાગૃતિ માટે કેમ્પ યોજાશે

આણંદ જીલ્લાના ફુડ પ્રોસેસીંગ સાથે સંકળાયેલ લાભાર્થીઓ માટે આગામી તા.૧૩/૦૮/૨૦૨૫, બુધવારના રોજ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ચોથો માળ, જિલ્લા સેવા સદન, આણંદ ખાતે સવારે ૧૦-૦૦ થી ૧૪-૦૦ કલાક દરમિયાન પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજનાની જાગૃતિ માટે કેમ્પ યોજાશે.

આ યોજનામાં અનાજ પ્રોસેસિંગ ઘઉં, ચોખા, કઠોળ, જુવાર, મકાઈ, ડેરી પ્રોસેસિંગ, ફળો અને શાકભાજી પ્રોસેસિંગ, બેકરી અને મિષ્ઠાન ઉત્પાદનો, મસાલા અને રોપણી પાક પ્રોસેસિંગ, ચરબી અને તેલબીયા પ્રોસેસિંગ, માંસ અને મરીન ઉત્પાદનો પ્રોસેસિંગ, પશુ દાણ, મરઘા દાણ અને લઘુવન ઉત્પન્ન જેવા તમામ એગ્રો ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સનો સમાવેશ થાય છે.

આ કેમ્પમા ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ કરવા માગતા તથા ફુડ પ્રોસેસિંગ યુનિટ્સ ધરાવતા લભાર્થીઓને આ યોજના વિષેનું માર્ગદર્શન અને તે માટે મળતી સહાય વિશેની માહીતી પૂરી પાડવામા આવશે. આથી, આણંદ જીલ્લાના ફુડ પ્રોસેસીંગ સાથે સંકળાયેલ લાભાર્થીઓને આ કેમ્પમાં હાજર રહેવા જણાવાયું છે.

# દિવ્યાંગ બાળકો માટે જંબુસર ખાતે વિશેષ આયોજનઃબી.આર.સી. ભવન ખાતે એલિમ્કોના સહયોગથી 250 બાળકોનું એસેસમેન્ટ કરાયું





સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરની કચેરી ભરૂચ દ્વારા એલિમ્કોના સહયોગથી જંબુસર બી.આર.સી. ભવન ખાતે દિવ્યાંગ બાળકો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર શિક્ષા અંતર્ગત વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોના સમાવેશી શિક્ષણ (આઈ.ઈ.ડી.) ઘટકનું રાજ્યભરમાં અમલીકરણ થઈ રહ્યું છે. વર્ષ 2025-26માં બાલવાટિકાથી ધોરણ 12 સુધી અભ્યાસ કરતા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને એડીપ્સ યોજના હેઠળ સાધન સહાયનો લાભ મળે તે હેતુથી જિલ્લા અને બ્લોક કક્ષાએ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અંતર્ગત જંબુસર બી.આર.સી. ભવન ખાતે આઈ.ઈ.ડી. કો-ઓર્ડીનેટર ચૈતાલી પટેલની અધ્યક્ષતામાં એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં એલિમ્કોના તજજ્ઞ ડૉક્ટરો દ્વારા દિવ્યાંગ બાળકોની અસ્થિ વિષયક તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત કાનની અને આંખની ક્ષતિ, બૌદ્ધિક ક્ષમતા, ઓટિઝમ, બેથી વધુ દિવ્યાંગતા અને મસ્ક્યુલર ડિસ્ટ્રોફી સહિતની તપાસ પણ કરવામાં આવી હતી.

# ગોધરામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીઃ આદિવાસી સમાજની પરંપરાગત પહેરવેશમાં મહારેલી



ગોધરામાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી આદિવાસી વિકાસ ફાઉન્ડેશનના નેતૃત્વમાં કરવામાં આવી. સાંપા રોડ ભક્તિનગર ખાતેના વિશાળ મેદાન પર આદિવાસી સમાજના ભાઈઓ, બહેનો, બાળકો અને વૃદ્ધોએ મોટી સંખ્યામાં ભાગ લીધો.

કાર્યક્રમમાં આદિવાસી સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું. મેડિકલ, આયુર્વેદ, આઈ.એ.એસ, આઈ.પી.એસ જેવા ક્ષેત્રોમાં સફળતા મેળવનાર અને સમાજ પ્રત્યે ઉમદા કામગીરી કરનારાઓને સન્માનિત કરાયા. આદિવાસી સમાજના સરપંચો, તાલુકા ડેલીગેટ અને જિલ્લા ડેલીગેટનું પણ સન્માન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં આદિવાસી ગણનાયકો ભગવાન બિરસા મુંડા, ગુરુ ગોવિંદ, રાણા પૂંજા ભીલ જેવા મહાન વ્યક્તિઓને યાદ કરવામાં આવ્યા. સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દૂર કરવા અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સમાજને લગતા અનેક મહત્વપૂર્ણ પ્રશ્નો પણ ઉજાગર કરવામાં આવ્યા.

# ભરૂચથી દાહોદ અને જંબુસરથી ખંડેલા રૂટ પર એસટીની નવી બસો દોડાવાશે

## તાલુકામાં એસટી બસો ખખડધજ હોવાથી મુસાફરો હેરાન છે

## રાજય સરકારે ચાર નવી બસોની ફાળવણી કરાતા મુસાફરોને રાહત

ભરૂચથી દાહોદ અને જંબુસરથી ખંડેલાના રૂટ પર એસટીની નવી બસો દોડશે જેના કારણે મુસાફરોને રાહત સાંપડશે. જંબુસર તાલુકામાં એસટી બસો ખખડધજ હોવાના કારણેમુસાફરોને ભારે અગવડ પડે છે તે માટે ગામના સરપંચ આગેવાનો તેમજ વેપારીઓની રજૂઆત હતી. રાજય સરકારે ભરૂચ તથા જંબુસર ડેપોને ચાર નવી બસોની ફાળવણી કરી છે. જંબુસર ડેપોને ફાળવવામાં આવેલી બે બસો જંબુસરથી ખંડેલા અને ખંડેલાથી જંબુસરના રૂટ પર દોડશે.

ધારાસભ્ય ડી.કે.સ્વામી, તાલુકા પંચાયતના પ્રમુખ નિતિન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ કુલદિપસિંહ યાદવ, મહામંત્રી જયોતિષ યાદવ સહિતના મહેમાનો અને ડેપોના અધિકારીઓની હાજરીમાં બસને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આમ મુસાફરોની સુવિધામાં વધારો કરવા ભરૂચ ડેપોને ફાળવવામાં આવેલી બે બસ ભરૂચથી દાહોદના રૂટ પર દોડાવવામાં આવશે. આ બસને જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી સહિતના મહેમાનોની હાજરીમાં રવાના કરવામાં આવી હતી.










# ચેતજો.... PM આવાસના મકાનની કાલે જ ચાવી અપાવી દઉં, લોકોને ઠગી વડોદરાની મિત્તલ રફૂચક્કર

**ગોત્રીની મિત્તલ સાધુએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની દુકાન અને મકાન અપાવવાના બહાને વધુ 9 લોકો સાથે ઠગાઈ કરી હોવાનું સામે આવ્યું હતું. બિલના અર્બન રેસિડેન્સી-2માં મકાન અપાવવાના બહાને 9 લોકોના મિત્તલ સાધુએ રૂ.8.30 લાખ પડાવી લીધા હતા.**

વડોદરાઃ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી અર્બન યોજનામાં દુકાન અપાવાના નામે એક મહિલાએ તેની બહેનપણી સહિત ત્રણ જણા પાસે રૂ.૯.૭૯ લાખની ઠગાઇ કરતાં પોલીસ ફરિયાદ થઇ છે.

ગોત્રીમાં લાઈફ અરેના ખાતે રહેતા હેતલબેન મિસ્ત્રીએ પોલીસને કહ્યું છે કે,ગઇ તા.૧૯મી માર્ચે મારી જૂની બહેનપણી મિત્તલ સાધુ તેની માતા સાથે મને મળવા આવી હતી અને સરકારમાં સારી ઓળખાણ છે,પીએમ આવાસના મકાન-દુકાન જોઇએ તો કહેજો તેમ કહી પાન કાર્ડ આધારકાર્ડ અને વાહનોના ઈન્સ્યોરન્સના કામો કરતી હોવાનું કહ્યું હતું.



ત્યારબાદ તેણે ઈન્વેસ્ટમેન્ટ માટે પણ વાતો કરી હતી.ભાયલીમાં પીએમ આવાસ યોજનામાં એક દુકાન બતાવી મારી પાસે રૂ.૬ લાખ લીધા હતા.આવી જ રીતે મારા જેઠાણી પાસે રૂ.૧.૪૯ હજાર લીધા હતા પરંતુ હજી તેમને રૂ.૩૯૭૦૦ પાછા આપ્યા નથી.

મહિલાએ કહ્યું છે કે,મારા નણદોઈને પણ બીજી એક દુકાન બતાવી રૂ.૧.૭૦લાખ લીધા હતા. પરંતુ ત્યારબાદ તેણે રસીદ આપી નહતી અને વારંવાર બહાના બતાવી જેને રૂપિયા આપ્યા છે તે ભાગી ગયો છે તેવા જવાબ આપ્યા હતા.મિત્તલે તેનો ફોન પણ બંધ કરી દીધો હતો અને ઘરને તાળું મારી ફરાર થઇ ગઇ છે.જેથી ગોત્રી પોલીસે મિત્તલ કાર્તિકસ્વામી સાધુ(શિવાલય હાઇટ્સ,ગોત્રી) સામે ગુનો નોંધ્યો છે.

મિત્તલે તેની બહેનપણીને ઠગવા માટે ઈન્વેસ્ટમેન્ટ કરાવી સારો એવો ફાયદો કરાવી આપશે તેવી બાંયધરી આપી હતી.જેથી હેતલબેને ટુકડે ટુકડે રૂ.૩.૮૯ લાખ આપ્યા હતા.જેની સામે મિત્તલે બે મહિનામાં જ રૂ.૫.૨૮લાખ પરત કર્યા હતા.આમ સારો એવો ફાયદો કરાવી મિત્તલે રૂ.૬ લાખ પડાવી લીધા હતા.

યોજનાનો છેલ્લો દિવસ છે,કાલે ચાવી મળી જશે..મિત્તલે ભરૂચના મહિલા પ્રોફેસરને પણ ૯૫૦૦૦નો ચૂનો ચોપડયો

સરકારી આવાસ યોજનાને નામે અનેક લોકોને ઠગનાર મિત્તલ સાધુએ ભરૂચના એક મહિલા પ્રોફેસરને પણ ૯૫ હજારનો ચૂનો ચોપડયો હોવાની ફરિયાદ નોંધાઇ છે.

## આ લોકોની સાથે પણ ઠગાઈ કરાઈ

| | |
|---|---|
| હિરલબેન રાજેશભાઈ પરમાર | ₹1.45 લાખ |
| સાધનાબેન જીતેન્દ્રભાઈ પરમાર | ₹95 હજાર |
| ભાવનાબેન હિતેશભાઈ પરમાર | ₹95 હજાર |
| અરૂણાબેન અનિલકુમાર પરમાર | ₹95 હજાર |
| દિનેશભાઈ છગનભાઈ પરમાર | ₹95 હજાર |
| સોનલબેન યોગેશભાઈ પરમાર | ₹50 હજાર |
| રશ્મીકાબેન નવીનભાઈ પરમાર | ₹25 હજાર |
| રંજનબેન ધીરજભાઈ પરમાર | ₹80 હજાર |

પોલીસના કહ્યા પ્રમાણે,મહિલા પ્રોફેસરના કુટુંબી સાથે વાતચીત કરનાર મિત્તલે પોતે કોર્પોરેશનમાં નોકરી કરતી હોવાની વિગતો જણાવી હતી અને સ્કીમનો છેલ્લો દિવસ છે.પૈસા ભરીદો એટલે કાલે ચાવી મળી જશે તેમ કહી ૯૫ હજાર ભરાવ્યા હતા.

તેણે વડોદરાના બિલ ખાતે આવાસ પાસે લઈ જઈ એમ પણ કહ્યું હતું કે,જો પહેલા માળે મકાન જોઈએ તો ઈ ટાવર અને ત્રીજા માળે જોઈએ તો સી ટાવરમાં મળશે.આ વખતે ઈ ટાવરનું મકાન નક્કી કરનાર વ્યક્તિએ વીડિયો ઉતાર્યો ત્યારે ઈ ટાવરના મકાનમાં ફર્નિચરનું કામ ચાલતું હતું.

# શહેરમાં યોગ્ય પાર્કિંગ પોલિસી ન હોવાથી લોકોને ચાલવા બનાવેલા ફૂટપાથ પાર્કિંગ સ્પોટ બની ગયા

શહેરમાં વાહનોની સંખ્યા વધતા દિવસે અને દિવસે પાર્કિંગની સમસ્યાં વધુ વિકટ બની રહી છે. ખાસ કરીને ચાર દરવાજા વિસ્તારમાં યોગ્ય પાર્કિંગની સુવિધાઓ ન હોવાથી લોકોને પાર્કિંગ કરવામાં પણ તકલીફ પડતી હોય છે. શહેરના વિવિધ સ્થળો પર રહેતા લોકો અને નોકરીયાત વર્ગ માટે મલ્ટીલેવલ પાર્કિંગ તેમજ પાર્કિંગ માટે અલગથી પ્લોટ ન ફળવાતા લોકો ફુટપાથ પર પાર્કિંગ કરવા માટે મજબૂર બન્યાં છે.

પાલિકાએ વર્ષ 2022માં પાર્કિંગ પોલીસી સરકારમાં મોકલવામાં આવી હતી,પરંતુ આ પાર્કિંગ પોલીસીને હજુ સુધી અમલમાં મુકાઈ નથી. નિઝામપુરા યોગ નિકેતનની સામે તેમજ સમા-સાવલી રોડ સહિત અલગ અલગ વિસ્તારોમાં ફુટપાથ પર વહેલી સવારથી સાંજ સુધી બાઈક અને લક્ઝરી બસો પાર્કિંગ કરેલી જોવા મળે છે. આ ફુટપાથ લોકોને ચાલવા માટે બનાવેલી છે.યોગ્ય પાર્કિંગ સ્થળ જ ન હોવાથી લોકો ફુટપાથ પર પાર્કિંગ કરી દેતા હોય છે. તંત્ર દ્વારા આ પ્રકારના પાર્કિંગ સ્થળો પરથી વાહનો ઉપાડીને દંડ વસુલ કરતા હોય છે.ત્યારે લોકો અને તંત્ર સામ-સામે આવી જતા પણ દેખાતા હોય છે.

## પદ્માવતી શોપિંગ કોમ્પ્લેક્સની નીચે મલ્ટીલેવલ પાર્કિંગ માટે વેપારી એસોસિયેશને માગ કરી હતી

વડોદરા વેપાર વિકાસ એસોસિયેશન દ્વારા ગુરેવારે ટ્રાફિક, પાર્કિંગ, પથારાવાળા, જાહેર શૌચાલય, માનવ સર્જિત પૂર, ન્યાયમંદિર અને પદ્માવતી શોપિંગ સેન્ટરને લગતા મુદ્દાનું નિરાકરણ લાવવા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું. પદ્માવતી શોપિંગ કોમ્પ્લેક્સની નીચે આવેલી વિશાળ જગ્યાને સાફ કરાવી તેમાં પાર્કિંગ કરાવવા તેમજ ભવિષ્યમાં શોપિંગ સેન્ટર તોડવામાં આવે તો આ સ્થળે મલ્ટીલેવલ પાર્કિંગ બને તેવી પણ માગ કરી છે.


# પોલીસ સ્ટેશન દીઠ ગામના અગ્રણીઓનું વોટ્સએપ ગ્રૂપ બનાવાશે, ટ્રાફિક જામના નિવારણ માટે પોલીસને સૂચના

વડોદરા,ગામડામાં થતા ગુનાઓ અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થાના પાલન માટે પોલીસ કમિશનર દ્વારા આજે ૨૦ ગામના સરપંચો સાથે મિટિંગ કરવામાં આવી હતી.

આજે યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામ્ય લેવલના ૧૦૦ સભ્યો હાજર રહ્યા હતા. પોલીસ કમિશનર દ્વારા સાયબર પ્રોટેક્શન બાબતે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ દરેક પોલીસ સ્ટેશન લેવલ પર એક વોટ્સએપ ગુરપ બનાવી સરપંચ સાથે પોલીસને સતત સંપર્કમાં રહેવા માટે સૂચના આપવામાં આવી હતી. ગામડામાં રહેતા પરપ્રાંતિયોના રજિસ્ટ્રેશન, હાઈવે પર થતા અડચણરૂપ દબાણો દૂર કરવા તથા હાઈવે પર સમારકામના કારણે થતા ટ્રાફિક જામના નિવારણ માટે ડી.સી.પી., એ.સી.પી. તથા પી.આઈ.ને સ્થળ વિઝિટ કરી યોગ્ય પ્લાન બનાવી એક્શન પ્લાન બનાવી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત હેલમેટ, સીટ બેલ્ટ અને રોંગ સાઈડ વાહન ચલાવવા બાબતે ગ્રામજનોમાં જાગૃતિ લાવવા માટે ગામના અગ્રણીઓને કહેવામાં આવ્યું હતું.

# બંધ વેરહાઉસમાં આગનો બનાવ, ફાયર વિભાગે દોઢ કલાકની જેહમત બાદ કાબૂ મેળવ્યો

વડોદરા શહેરના છેવાડે આવેલા છાણી વિસ્તારમાં GSFC ગેટની સામેની બાજુએ આવેલા એક જૂના અને બંધ વેરહાઉસમાં આજે આગનો ગંભીર બનાવ સામે આવ્યો હતો. આ ઘટનાને લઈને સ્થાનિક રાહદારીઓએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી, જેના પગલે વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની ટીમોએ ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.



આગની જાણ થતાં જ વડોદરાના ટીપી 13, વડીવાડી અને વાસણા ફાયર સ્ટેશનની ત્રણ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગની ટીમોએ દોઢ કલાકની ભારે જેહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વેરહાઉસમાં રહેલું ઓફિસ અને અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો છે. ફાયર વિભાગના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર અમિત ચૌધરીએ આ બનાવ અંગે માહિતી આપતાં જણાવ્યું, "આગની ઘટનાની જાણ થતાં જ અમારી ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્રણ ફાયર સ્ટેશનની ટીમોએ એક કલાકની અંદર આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં જાણવા મળ્યું છે કે આ વેરહાઉસ બંધ હાલતમાં હતો, અને ત્યાં કોઈ માલિક કે અન્ય વ્યક્તિ હાજર નહોતા." આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. હાલમાં ફાયર વિભાગ દ્વારા ઘટનાસ્થળે કુલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જેથી આગના કોઈ નાના-મોટા ભાગ ફરીથી ભડકે નહીં. આ ઘટનાએ સ્થાનિક વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ સર્જ્યું છે અને ફાયર વિભાગે લોકોને આવી ઘટનાઓની તાત્કાલિક જાણ કરવા અપીલ કરી છે. આગના કારણો અને થયેલા નુકસાનની વિગતો જાણવા માટે વધુ તપાસ ચાલુ છે.

# શહેરના ૧.૫ લાખ લોકો ઇ કેવાયસી નહી કરાવે તો અનાજ મળતું બંધ થશે

વડોદરા શહેર અને જિલ્લામાં રેશનકાર્ડ દ્વારા અનાજ મેળવતા દોઢ લાખ લાભાર્થીઓનો અનાજનો પુરવઠો આગામી દિવસોમાં મળતો બંધ થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આ લાભાર્થીઓએ ઈ કેવાયસી હજી સુધી કરાવ્યું નહી હોવાથી રેશનકાર્ડ રદ પણ થઈ શકે છે. વડોદરા શહેર અને જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરિટિ એક્ટ (એનએફએસએ) મુજબ સસ્તા ભાવનું સરકારી અનાજ મેળવતા કુલ ૨.૫૦ લાખ રેશનકાર્ડ છે. આ રેશનકાર્ડ દ્વારા કુલ ૧૨ લાખ લાભાર્થીઓને દર મહિને સરકાર દ્વારા નિશ્ચિત કરેલ અનાજનો લાભ મળી રહ્યો છે. પરંતુ એનએફએસએમાં અનેક લોકો એવા છે જેઓ સરકારી સસ્તુ અનાજ મેળવવાને પાત્ર નહી હોવા છતાં અનાજ મેળવી રહ્યા છે જેથી રેશનકાર્ડ ધારકોનું ઈ કેવાયસી કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. વડોદરા શહેર અને જિલ્લામાં કુલ અઢી લાખ રેશનકાર્ડ પૈકી હજી પણ ૫૦૦૦ જેટલા રેશનકાર્ડના ઈ કેવાયસી થયા નથી એટલે કે આ રેશનકાર્ડ સાથે સંકળાયેલા આશરે દોઢ લાખ લાભાર્થીઓનું ઈ કેવાયસી બાકી છે. આ લાભાર્થીઓ અથવા રેશનકાર્ડ સામે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવે તે પહેલાં દરેક રેશનકાર્ડના લાભાર્થીઓને તક આપવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે શહેર અને જિલ્લાના ઝોનલ ઓફિસરો દ્વારા દરેક રેશનકાર્ડ ધારકને નોટિસ ઈસ્યૂ કરવામાં આવી છે અને ઈ કેવાયસી કરાવી જવા જણાવાયું છે.

ઈ કેવાયસી કરાવવા માટે દરેક રેશનકાર્ડ ધારકને એક સપ્તાહથી માંડી બે સપ્તાહ સુધીનો સમય આપવામાં આવ્યો છે. જો આ સમયગાળામાં ઈ કેવાયસી નહી કરાવવામાં આવે તો રેશનકાર્ડ બંધ થઈ જશે અને લાભાર્થીઓને મળતું અનાજ પણ મળતું બંધ કરી દેવાશે. દોઢ લાખ રેશનકાર્ડ ધારકો પર અનાજ નહી મળવાનું જોખમ લટકી રહ્યું છે.

# અલકાપુરી ગરનાળા બ્રિજ મુદ્દે રેલવે મંત્રીએ ટ્રાન્સફરની ચીમકી આપતાં રેલવે દોડતું થયું

પાલિકા અને રેલવે તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બુધવારે અચાનક અલકાપુરી ગરનાળા અને બુલેટ ટ્રેનના એસટી-સિટી બસ ડેપો સાથેના સંકલન અંગેના મુદ્દાઓની રૂબરૂ મુલાકાત યોજાઇ હતી.

જોકે આ વિજળીક બેઠક પાછળનું કારણ એ બહાર આવ્યું છે કે, 10 દિવસ અગાઉ 28મી જુલાઈએ ગતિશક્તિ વિદ્યાલયના વાર્ષિક પદવીદાન સમારોહ કાર્યક્રમમાં આવેલા રેલવે મંત્રી અશ્વીની વૈષ્ણવે અલકાપુરીના ગરનાળા બ્રિજના મુદ્દે વડોદરા એરપોર્ટ ખાતે જ રેલવેના ઉચ્ચ અધિકારીઓનો ક્લાસ લઈ નાખ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ એ દિવસે આ મુદ્દે તેમનું ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે રેલવે મંત્રીએ રેલવેના અધિકારીઓને બોલાવીને આ બ્રિજનું કામ કેમ શરૂ થયું નથી, એ મુદ્દે સવાલ પૂછતાં અધિકારીઓ થોથવાઈ ગયા હતા.

જે પામી ગયેલા મંત્રીએ આકરા શબ્દોમાં ઝાટકણી કાઢીને 'તુમ સબ કી ટ્રાન્સફર કરવા દૂંગા' એવું કહીને આ કામગીરી સત્વરે થવી જોઈએ, તેવી સૂચના આપી હતી. દોઢ વર્ષથી બ્રિજ મુદ્દે રેલવે તંત્ર અને પાલિકા ટસથી મસ થતાં ન હતાં.

ઉલ્લેખનીય છે કે, આ મુદ્દે સંકલનની બેઠકમાં પણ ચર્ચા થઈ હતી અને પાલિકા તરફથી પણ સંકલન થાય તેવા પ્રયાસો માટેની સૂચના આપવામાં આવી હતી. એટલું જ નહીં આ મુદ્દે સાંસદ ડો.હેમાંગ જોશી દ્વારા પણ રેલ મંત્રીને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી હતી. આ પછી તેના પડઘા પડ્યા હતા.

રેલવેના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, હવે આ બ્રિજ માટે સરવે કરવામાં આવશે.ત્યારબાદ તેનો રિપોર્ટ સબમિટ કરશે. મંજૂરી લેવાશે અને તેના આધારે બ્રિજ તૈયાર કરવાની કામગીરી શરૂ થશે. આ પ્રોસેસ સારો એવો સમય લેશે. ઉલ્લેખીય છે કે, બુધવારે રેલવે તંત્ર અને પાલિકા તંત્ર દ્વારા અલકાપુરી ગરનાળાની રૂબરૂ મુલાકાત લઈને બેઠક યોજી બ્રિજ અંગે શું કરી શકાય તેની ચર્ચા કરાઈ હતી.

# દેશમાં સલામતી મુદ્દે વડોદરા બીજા ક્રમે, ક્રાઈમ રેટમાં 17 ટકાથી વધુનો ઘટાડો,6 માસમાં લૂંટનો માત્ર 1 બનાવ

**અગ્રણી રેન્કિંગ એજન્સી નુમ્બિયોએ વિશ્વ વ્યાપી સરવેમાં વડોદરાની સલામતીની નોંધ લીધી**

વિશ્વની અગ્રણી રેન્કિંગ એજન્સી નુમ્બિયોએ વિશ્વ વ્યાપી સરવેમાં વડોદરાની સલામતીની નોંધ લીધી છે. સલામતીના મુદ્દે દેશમાં મેંગ્લોર બાદ વડોદરા બીજા ક્રમે છે. ત્યારપછીના ક્રમે અમદાવાદ અને સુરત આવે છે.

અગાઉનાં વર્ષોમાં દેશના લિવેબલ સિટીમાં વડોદરા શહેર સાતમા ક્રમે આવ્યું હતું. જ્યારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘટેલી ગુનાખોરી અને ક્રાઈમ ડિટેક્શનમાં વધારો થતાં અને પોલીસ પર વિશ્વાસ વધતાં વડોદરાવાસીઓના સલામતીના મુદ્દે મંતવ્યોમાં હકારાત્મક ફેરફાર આવ્યો છે. આ રેન્કિંગ મુજબ મેંગ્લોરના સેફ્ટી ઈન્ડેક્સ 74.2ની સરખામણીએ વડોદરાનો 69.2 છે. ત્યારબાદ અમદાવાદના 68.2 અને સુરતનો 66.6 છે. બીજી ઉલ્લેખનીય બાબત એ છે કે, 20 લાખ કરતાં વધુ શહેરોની કેટેગરીમાં વડોદરા દુનિયામાં પણ ટોપ-50માં એટલે કે 47મા ક્રમે છે. શહેરમાં 2400 કેમેરાની બાજનજર છે, જેના લીધે પણ ગુનેગારો ગુનો કરતાં અચકાતા થયા છે. બીજી તરફ રસ્તા પરના ટ્રાફિકમાં પણ વાહનચાલકો આ કેમેરાના પગલે સતર્ક બન્યા છે, જેને લીધે રસ્તા પર પણ શહેરીજનોને સલામતી અનુભવાય છે. પોલીસ વિભાગનાં સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ હરણીના એક કિસ્સાને બાદ કરતાં 6 મહિનામાં લૂંટનો એકેય બનાવ શહેરમાં બન્યો નથી. શહેરી વિસ્તારમાં પીસીઆર વાનનો રિસ્પોન્સ ટાઈમ 10 મિનિટ સુધીનો જ છે. આ ઉપરાંત શહેરમાં પાલિકાના 1790 અને પોલીસ વિભાગના 650 કેમેરાની દેખરેખ છે.

## અસામાજિકો સામે લાલ આંખ સાથે શી ટીમની ભૂમિકા પણ નિર્ણાયક

શી ટીમ દ્વારા વિદ્યાર્થિનીઓને ગુડ ટચ-બેડ ટચ, સેલ્ફ ડિફેન્સની તાલીમ અપાય છે. ઉપરાંત અસામાજિક તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરીને પાઠ ભણાવ્યા છે. જ્યારે બૂટલેગરો અને સિકલીગર ગેંગને ગુજસિટોકમાં જેલ હવાલે કર્યા છે. ઉપરાંત શી ટીમ ગુનો કરતા વ્યક્તિઓનું કાઉન્સેલિંગ પણ કરે છે. શહેરમાં 3500 પોલીસ જવાનો અને 25 પીસીઆર વાન છે.

## ચોરીના 10માંથી 7ના ભેદ ઉકેલાયા, ચેન સ્નેચિંગના 70% કિસ્સામાં આરોપી પકડાયા




વડોદરાને સલામત રાખવા પોલીસ વિભાગના પ્રયાસો વિશે વાત કરતાં પોલીસ કમિશનર નરસિમ્હા કોમર કહે છે કે, ગત વર્ષના પહેલા 6 મહિનાની સરખામણીએ આ વર્ષે ઘરફોડ ચોરીના બનાવોમાં 17 ટકા ઘટાડો થયો છે. જ્યારે આવી ચોરીના 10માંથી 7 કિસ્સામાં પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. ઉપરાંત ગત વર્ષે આ સમયગાળામાં 17 હત્યા થઈ હતી, જ્યારે આ વર્ષે આ સમયગાળામાં હત્યાના 5 બનાવો બન્યા છે. નાની ગુનાખોરીમાં પણ 15 ટકાનો ઘટાડો થયો છે. નાગરિકોની રસ્તા પરથી ચેન ખેંચાઈ હોય તેવા 70 ટકા કિસ્સામાં પોલીસ અપરાધી સુધી પહોંચી છે. એફઆઈઆરના કિસ્સામાં મેં ઓપન ડોર પોલિસી રાખી છે. ક્રાઈમ સીન મેનેજમેન્ટમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે.

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ પાસે, કપ્તાન ફળિયા, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.
NABH Accredited
સિટી એરિયાનું એકમાત્ર સુસજ્જ ઓપરેશન થિયેટર અને આઈ.સી.યુ. ની સુવિધા ધરાવતું હોસ્પિટલ
ઓ.પી.ડી., આઈ.સી.યુ., દાઝેલા માટે સ્પે. સારવાર, સુસજ્જ ઓપરેશન થીયેટર, ડાયાલીસીસ વિભાગ, ૨૪×૭ તાત્કાલિક સારવાર, એક્ષ-રે વિભાગ, ફિઝીઓથેરાપી, ફાર્મસી, લેબોરેટરી ૨૪ કલાક, એમ્બ્યુલન્સની સુવિધા, આરોગ્યપ્રદ આહારની સુવિધા
(0265) 2432100 72260 15001 (ICU) 72260 15002 (ઈમરજન્સી)

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
HOPE • LIVES • HERE
એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે. એપોઈન્ટમેન્ટ લીધા વગર આવવું નહી.
HEALTH COUPON
Free RBS
Free BP Check-up
Free BMI
Free Consultation
આ કુપન એક જ વ્યક્તિ માટે માન્ય છે તથા પહેલી વખત આવો ત્યારે જ વાપરી શકાય.
દાખલ ચાર્જ અને સર્જીકલ ચાર્જ ઉપર ૧૫% ડિસ્કાઉન્ટ
Behind Maharani Girl's High School, Kaptan Faliya, Raopura, Vadodara-390001.
Ph.: (0265) 2432100 M.: 72260 15001 (ICU) / 72260 15002 (Reception)
Email : siddhimultispecialityhospital@gmail.com

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.